પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૫૬ • કુલ પાના : ૪ • તારીખ : ૨૫-૧૦-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### પ્રધાનમંત્રીએ સેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી

## અમારી આતશબાજી કરતા તમારી આતશબાજી અલગ હોય છે, અને ધડાકા પણ અલગ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



કારગિલ,

દરેક ધર્મ અને સમુદાયના લાકો દિવાળી પર્વની ધામધૂમથી ઉજવણી કરતા હોય છે. ત્યારે વર્ષોથી ચાલતી આવતી પરંપરા પીએમ મોદીએ આ વખતે પણ જાળવી રાખી છે. પ્રધાનમંત્રી મોદી વર્ષોથી સેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરતા હોય છે. ત્યારે આ વખતે પણ તેઓ સેનાના જવાનોનો હોંશલો વધારવા માટે તેમની વચ્ચે પહોંચ્યાં હતાં અને તેમની સાથે દિવાળીની ઉજવણી કરી હતી પીએમ મોદી આ વર્ષે પ્રધાનમંત્રી તરીકે સતત ૯મી વાર સેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરીં છે.

દિવાળીની ઉજવણી કરવા માટે પ્રધાનમંત્રી મોદી જમ્મુ-કશ્મીરના કારગિલ ખાતે પહોંચ્યાં હતાં. જયાં પીએમ મોદીએ સેનાના જવાનોની મુલાકાત લીધી. તેમની સાથે વર્તાલાપ કર્યા. એટલું જ નહીં તેમણે સેનાના જવાનોને હાથ મિલાવીને તેમને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી. એટલું જ નહીં પ્રધાનમંત્રી મોદીએ દર વર્ષની જેમ સેનાના જવાનો સાથે સમય વિતાવીને તેમનો ઉત્સાહ વધારવાનો પ્રયાસ કર્યો.પીએમ મોદીએ જવાનોને કહ્યું કે મારા માટે વર્ષોથી મારો પરિવાર તમે બધા છો. તમારી વચ્ચે આવવાથી મારી દિવાળીની મીઠાશમાં વધારો થાય છે, મારી દિવાળીનો પ્રકાશ તમારી વચ્ચે છે અને આગામી દિવાળી સુધી મારી સ્થિતિને પ્રકાશિત કરે છે. બહાદુરીની અનોખી ગાથાઓ સાથે આપણી પરંપરા, મધુરતા અને મીઠાશ પણ મહત્વની છે. તેથી જ ભારત તેના તહેવારો પ્રેમથી ઉજવે છે. સમગ્ર વિશ્વને તેમાં સામેલ કરીને ઉજવણી કરે છે.

સેનાના જવાનોને દિવાળીનો અર્થ સમજાવતા પીએમએ કહ્યું કે વાસ્તવમાં દિવાળીનો સાર એ છે કે આતંકનો અંત થાય અને પછી તેનો ઉત્સવ મનાવવામાં આવે. કારગિલ યુદ્ધ દરમિયાન પણ સેનાએ આ જ રીતે આતંકને કચડી નાખ્યો હતો. એક દિવ્ય જીત મેળવી હતી દેશમાં તે જીતની એવી દિવાળી મનાવવામાં આવી હતી કે લોકો આજે પણ તેને યાદ કરે છે.

મોદીએ કહ્યું કે મારું સૌભાગ્ય હતું કે હું એ વિજયનો સાક્ષી બન્યો હતો અને મેં એ યુદ્ધને નજીકથી જોયું હતું. હું અહીંના અધિકારીઓનો આભારી છું કે તેઓએ મને ૨૩ વર્ષ જૂની તસવીરો બતાવીને મને તે ક્ષણ યાદ અપાવી. દેશના એક સામાન્ય નાગરિક તરીકેની મારી ફરજ મને યુદ્ધના મેદાન સુધી લઈ આવી હતી. અમે જે પણ મદદ કરી શકતા હતા, તે કરવા માટે અહીં આવ્યા હતા. અમે માત્ર પુણ્ય કમાવવા આવ્યા હતા.

કારગિલમાં સંબોધન કરતા મોદીએ કહ્યું કે સેનાના જવાનો મારો પરિવાર છે, તેમની સાથે દિવાળી મનાવનાનું સારું લાગે છે. મોદીએ કહ્યું કે, સિવિલિયન લોકોની દિવાળી... અમારી આતશબાજી અલગ હોય છે. તમારી આતશબાજી પણ અલગ અને ધડાકા પણ અલગ હોય છે.

પીએમ મોદીએ જવાનોને કહ્યું કે મારા માટે વર્ષોથી મારો પરિવાર તમે બધા છો. તમારી વચ્ચે આવવાથી મારી દિવાળીની મીઠાશમાં વધારો થાય છે, મારી દિવાળીનો પ્રકાશ તમારી વચ્ચે છે અને આગામી દિવાળી સુધી મારી સ્થિતિને પ્રકાશિત કરે છે. બહાદુરીની અનોખી ગાથાઓ સાથે આપણી પરંપરા, મધુરતા અને મીઠાશ પણ મહત્વની છે. તેથી જ ભારત તેના તહેવારો પ્રેમથી ઉજવે છે. સમગ્ર વિશ્વને તેમાં સામેલ કરીને ઉજવણી કરે છે.

સેનાના જવાનોને દિવાળીનો અર્થ સમજાવતા પીએમએ કહ્યું કે વાસ્તવમાં દિવાળીનો સાર એ છે કે આતંકનો અંત થાય અને પછી તેનો ઉત્સવ મનાવવામાં આવે. કારગિલ યુદ્ધ દરમિયાન પણ સેનાએ આ જ રીતે આતંકને કચડી નાખ્યો હતો. એક દિવ્ય જીત મેળવી હતી. દેશમાં તે જીતની એવી દિવાળી મનાવવામાં આવી હતી કે લોકો આજે પણ તેને યાદ કરે છે.મોદીએ કહ્યું કે મારું સૌભાગ્ય હતું કે હું એ વિજયનો સાક્ષી બન્યો હતો અને મેં એ યુદ્ધને નજીકથી જોયું હતું. હું અહીંના અધિકારીઓનો આભારી છું કે તેઓએ મને ૨૩ વર્ષ જૂની તસવીરો બતાવીને મને તે ક્ષણ યાદ અપાવી. દેશના એક સામાન્ય નાગરિક તરીકેની મારી ફરજ મને યુદ્ધના મેદાન સુધી લઈ આવી હતી. અમે જે પણ મદદ કરી શકતા હતા, તે કરવા માટે અહીં આવ્યા હતા. અમે માત્ર પુણ્ય કમાવવા આવ્યા હતા.

ઉલ્લેખનીય છેકે, નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેઓ દર વર્ષે ભારતીય સેનાના જાંબાઝ જવાનો સાથે જ દર વર્ષે દિવાળીની ઉજવણી કરતા હતાં. તેઓએ પ્રધાનમંત્રી બન્યા બાદ પણ આ પરંપરાને જાળવી રાખી છે. અને હવે તેઓ દેશના અગ્રીમ સુકાની તરીકે સુરક્ષા દળોના જવાનોનો આ પ્રકારે સતત હોંશલો વધારતા રહે છે. આ ઉપરાંત પીએમ મોદીએ ટ્વીટ કરીને દેશવાસીઓને પણ દિવાળાની પર્વની શુભેચ્છાઓ પાઠવી છે.

## રાષ્ટ્રપતિ, વડાપ્રઘાને દેશવાસીઓને દિવાળીની શુભેચ્છા આપી, આ તહેવાર સુખ-સમૃદ્ધિ લાવશે



નવીદિલ્લી,

કોરોનાકાળ બાદ આવેલી આ દિવાળીએ દુનિયાને ફરી એકવાર આશા અને ઉમંગ આપી છે. આ દિવાળીએ ફરી એકવાર લોકોને જીવન જીવવાની, જીવનમાં આગળ કંઈક સારું થશે એવી આશા આપી છે. ત્યારે આદિવાળીએ પ્રધાનમંત્રી મોદીએ પણ દેશવાસીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી છે. પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું છેકે, આ તહેવાર લોકોના જીવનમાં સુખ અને સમૃદ્ધિની ભાવનાને આગળ વધારશે.

પીએમ મોદીએ ટ્વીટ કર્યું કે, ‘‘બધાને દિવાળીની શુભકામનાઓ. દિવાળી ખુશી અને તેજ સાથે જોડાયેલી છે. આ પવિત્ર તહેવાર આપણા જીવનમાં સુખ અને સમૃદ્ધિની ભાવનાને આગળ વધારશે. હું આશા રાખું છું કે પરિવાર અને મિત્રો સાથે તમારી દિવાળી અદ્ભુત હોય.’’

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ દેશવાસીઓને દિવાળીની શુભકામનાઓ પાઠવી છે. તેમણે કહ્યું કે, ‘‘પ્રકાશ અને આનંદના આ પવિત્ર તહેવાર પર આપણે જ્ઞાન અને ઉર્જાનો દીપ પ્રગટાવીને જરૂરિયાતમંદ લોકોના જીવનમાં ખુશીઓ લાવવાનો પ્રયાસ કરીએ. આ તહેવાર પર હું તમામ દેશવાસીઓના જીવનમાં સુખ અને સમૃદ્ધિની પ્રાર્થના કરું છું.’’

ગૃહમંત્રી અમિત શાહે દેશવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી છે. તેમણે ટ્વીટ કર્યું, ‘‘દરેકને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. પ્રકાશનો આ પર્વ દરેકના જીવનમાં સુખ, આરોગ્ય અને સમૃદ્ધિ લાવે એવી પ્રાર્થના.’’ તે જ સમયે, રક્ષા મંત્રી રાજનાથ સિંહે ટ્વીટ કરીને કહ્યું, ‘‘દિપાવલીના પવિત્ર તહેવાર પર આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ! આ પવિત્ર તહેવાર તમારા જીવનમાં સુખ, સમૃદ્ધિ અને આરોગ્ય લાવે, એ જ ભગવાનને પ્રાર્થના. હેપ્પી દીપાવલી!’’

## શિંદેની ખુરશી ગમે ત્યારે જશે, મોટો ખેલ કરવાની તૈયારીમાં નાયબ મુખ્યમંત્રી ફડણવીસ



મુંબઇ,

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં દાવો કર્યો છે કે શિવસેનાના ૪૦ બળવાખોર ધારાસભ્યોમાંથી ૨૨ ટૂંક સમયમાં ભાજપમાં જોડાઈ જશે.પોતાના સાપ્તાહિક કૉલમમાં શિવસેનાએ વરસાદ અને દુષ્કાળ દરમિયાન નિષ્ક્રિય રહેવા બદલ મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારી પર તંજ કસ્યો હતો. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ દાવો કર્યો છે કે, એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવા એ ભાજપની એક અસ્થાયી વ્યવસ્થા છે.

સમાનામાં રોકઠોક કૉલમમાં દાવો કરવામાં આવ્યો છે કે, ’હવે બધા સમજી ગયા છે કે તેમની (શિંદેની) મુખ્યમંત્રીની વર્દી ગમે ત્યારે ઉતારી દેવામાં આવશે.’ શિવસેનાએ સામનામાં કહ્યું છે કે, ’મહારાષ્ટ્રની ગ્રામ પંચાયત અને સરપંચ ચૂંટણીમાં સફળતાનો શિંદે જૂથનો દાવો ખોટો છે. શિંદે જૂથના ઓછામાં ઓછા ૨૨ ધારાસભ્યો નારાજ છે. આમાંથી મોટાભાગના ધારાસભ્યો ભાજપમાં ભળી જશે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.’’ સંપાદકીયમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, શિંદેના કાર્યોથી મહારાષ્ટ્રને ઘણું નુકસાન થયું છે અને રાજ્ય તેમને માફ નહીં કરે. શિવસેનાએ આરોપ લગાવ્યો છે કે, ભારતીય જનતા પાર્ટી પોતાના ફાયદા માટે શિંદેનો ઉપયોગ કરતી રહેશે.

કૉલમમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, ’શિંદેનું મહારાષ્ટ્રના સીએમ તરીકે વિકાસમાં યોગદાન દેખાઈ રહ્યું નથી. દેવેન્દ્ર ફડણવીસ દરેક જગ્યાએ જોવા મળે છે. દિલ્હીમાં શિંદેનો કોઈ પ્રભાવ નથી. ફડણવીસ મંગળવારે દિલ્હી ગયા હતા. મુંબઈને સ્લમમાંથી બહાર કાઢવાની મહત્ત્વાકાંક્ષી રણનીતિ તરીકે ધારાવી પુનર્વિકાસ પરિયોજના માટે મહારાષ્ટ્ર સરકાર રેલવે પાસેથી જમીન માટે રેલવે મંત્રાલય પાસેથી મંજૂરી લઈ આવી છે.’’

શિવસેનાએ કહ્યું છે કે, ’ધારાવીના પુનઃવિકાસનો સંપૂર્ણ શ્રેય ફડણવીસને જાય છે. રાજયના મુખ્યમંત્રી આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ જાહેરાતમાં ક્યાંય નથી.’’ આ વચ્ચે એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે એક વરિષ્ઠ નેતા અશોક ચૌહાણ સહિત કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોના ભાજપમાં જોડવાની શક્યતાઓ છે. જો કે, જ્યારે કોંગ્રેસને પૂછવામાં આવ્યું ત્યારે તેણે તેને નકારી કાઢ્યું અને કહ્યું કે "આ માત્ર પાયાવિહોણી અફવા છે".

## કેરળના રાજ્યપાલે ૯ યુનીવર્સીટીના કુલપતિ પાસેથી રાજીનામાં માગી લેતા વિવાદ

### કેટલાક સેનેટ મેમ્બર્સનાં રાજીનામાં પણ માગી લીધા : સરકાર અને રાજ્યપાલ સામસામે



નવીદિલ્હી,

પંજાબમાં વિશ્વવિદ્યાલયના સંચાલનના મામલામાં ગવર્નર અને સરકાર સામે સામે આવી હતી હવે તેવો કિસ્સો કેરળમાંથી પણ સામે આવ્યો છે. કેરળના ગવર્નર મોહમ્મદ આરિફ ખાને રાજયની નવ યુનિવર્સિટીના કુલપતિઓનું રાજીનામું માંગ્યું છે. આ સંદર્ભમાં, રાજભવનના પીઆરઓએ માહિતી આપી હતી કે કેરળની ૯ યુનિવર્સિટીઓના કુલપતિઓને આજે રાજીનામા સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

કેરળના રાજ્યપાલે જે નવ યુનિવર્સિટીઓ માટે રજિસ્ટ્રારનું રાજીનામું માંગ્યું છે તેમાં કેરળ યુનિવર્સિટી, મહાત્મા ગાંધી યુનિવર્સિટી, કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, કુન્નૂર યુનિવર્સિટી, એપીજે અબ્દુલ કલામ ટેકનોલોજીકલ યુનિવર્સિટી, શ્રી શંકરાચાર્ય યુનિવર્સિટી ઓફ સંસ્કૃત, યુનિવર્સિટી ઓફ કાલિકટનો સમાવેશ થાય છે. અને થુનચાથ એઝુથાચન મલયાલમ યુનિવર્સિટીનો પણ સમાવેશ થાય છે.

કેરળની ડાબેરી મોરચાની સરકાર અને વાઈસ ચાન્સેલર મોહમ્મદ આરીફ ખાન આ તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓના રાજીનામાની માંગને લઈને ઘર્ષણમાં છે. કેરળના શાસક લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટએ ૧૫ નવેમ્બરના રોજ રાજયપાલ આરિફ મોહમ્મદ ખાન વિરુદ્ધ વિરોધ માર્ચ કાઢવાનો નિર્ણય કર્યો છે. સીપીઆઈ(એમ)ના રાજ્ય સચિવ એમ.વી. ગોવિંદન અને સીપીઆઈના રાજ્ય સચિવ કાનમ રાજેન્દ્રને સંયુક્ત રીતે આ જાહેરાત કરી હતી.

વીસીના રાજીનામાની માંગણી પેહલા ગવર્નર આરિફ મોહમ્મદ ખાને કેરળ યુનિવર્સિટીના ૧૫ સેનેટ સભ્યોની નિમણૂકોને રદ કરી દીધી હતી સીપીઆઈ(એમ) નેતાએ કહ્યું કે રાજયપાલ ચાન્સેલર પદનો દુરુપયોગ કરી રહ્યા છે અને કહ્યું કે આરીફ મોહમ્મદ ખાન યુનિવર્સિટીઓના સ્વ-સરકારને વિક્ષેપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

એમ.વી ગોવિંદને કહ્યું કે કેટલાક દળો, જેઓ જાણતા હતા કે તેઓ ચૂંટણીના માધ્યમથી કેરળમાં પદ સંભાળશે નહીં, યુનિવર્સિટીઓના સ્વ-શાસનને નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે સંઘ પરિવારની શક્તિઓ આ રીતે રાજયની યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણને નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહી છે.

## નોર્થ અને સાઉથ કોરિયાએ એકબીજા પર કર્યો રોકેટમારો, વહેલી સવારે ૧૦ જેટલા રોકેટ છોડ્યા



પ્યોંગયાંગ,

ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચેનો તણાવ સતત વધી રહ્યો છે. સોમવારે ઉત્તર અને દક્ષિણ કોરિયાએ વિવાદિત પશ્ચિમી દરિયાઈ સીમા પાસે એકબીજાને ચેતવણી આપતાં ગોળીબાર કર્યા હતા. ઉત્તર કોરિયાએ સોમવારે વહેલી સવારે તેના પશ્ચિમી તટથી દસ રોકેટ છોડ્યા હતા. ઉત્તર કોરિયાના અધિકારી કેસીએનએએ જણાવ્યું હતું કે દક્ષિણ કોરિયાની સેનાએ ઉત્તર કોરિયાની એક બોટ ઉપર ચેતાવણી આપતા ગોળીબાર કર્યા હતા. જે લગભગ સવારે ૩.૫૦ વાગ્યે બે કોરિયાની સરહદ પાર કરી ગઈ હતી.

એક અહેવાલ ઉત્તર કોરિયાની પીપલ્સ આર્મીના જનરલ સ્ટાફના એક પ્રવક્તાએ કહ્યું કે જવાબમાં ઉત્તર કોરિયાએ સવારે લગભગ ૫:૧૫ વાગ્યે કેટલાય રોકેટ લોન્ચરથી દસ રોકેટ છોડ્યા. દક્ષિણના જોઈન્ટ ચીફસ ઑફ સ્ટાફે જણાવ્યું હતું કે તેણે ઉત્તર કોરિયાના વેપારી જહાજને પરત મોકલી દીધું છે. જે ઉત્તરી બોર્ડર એનએલએલને પાર કરી ગયું. જે બંને કોરિયા વચ્ચેની વાસ્તવિક સમુદ્રરેખા હતી.

જણાવી દઈએ કે આ ઘટના ઉત્તર કોરિયા દ્વારા તાજેતરના મિસાઈલ પરીક્ષણોને લઈને વધી રહેલા તણાવ વચ્ચે બની છે. જણાવી દઈએ કે કોરિયાઈ દ્વીપકલ્પના પશ્ચિમતટે અંકિત દરિયાઈ સીમા એ કોરિયા વચ્ચે લાંબા સમયથી ચાલતી દુશ્મનાવટનો સ્રોત છે. તાજેતરના અઠવાડિયામાં ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયા અને અમેરિકા વચ્ચે થયેલી લશ્કરી કવાયતનો બદલો લેવા બેલેસ્ટિક મિસાઈલોનું પરીક્ષણ કર્યું હતું. તો ૨૫ સપ્ટેમ્બરથી અત્યાર સુધી ઉત્તર કોરિયાએ સમુદ્ર તરફ ૧૫ મિસાઈલો અને સેંકડો તોપો છોડી છે.

દક્ષિણ કોરિયાની સૈનાએ કહ્યું કે કિમે પ્યોંગયાંગની નજીક સુનાન વિસ્તારમાંથી તેના પૂર્વ તટથી દૂર સમુદ્રમાં બેલેસ્ટિક મિસાઈલ પણ છોડી હતી. આ પહેલા કિમ જોંગ ઉને સીમાની નજીક લગભગ ૧૨ યુદ્ધવિમાનો ઉડાવ્યા હતા. માનવામાં આવી રહ્યું છે કે તેમણે દક્ષિણ કોરિયાની સેના મુજબ હવામાં ફાયરિંગનો અભ્યાસ કર્યો હતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કરોડોના હીરાની લૂંટનો માસ્ટરમાઈન્ડ સુરતથી ઝડપાયો, દેવુ ચૂકવવા માટે પ્લાન બનાવ્યો હતો

સુરત,

ગુજરાતમાં કરોડોના હીરાની લૂંટ ચલાવનારા ઝડપાઈ ગયા છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના ગુંદી ગામ પાસે હાઈવે પર અમરેલીથી સુરત જતી રામદેવ ટ્રાવેલ્સની લકઝરી બસમાં લૂંટ ચલાવવામાં આવી હતી. લૂંટારુઓએ આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી કરોડોના હીરા અને રોકડની લૂંટ કરી હતી. જેના કારણે વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. લૂંટના મુખ્ય સૂત્રધારને સુરત પોલીસે કાપોદ્રાથી ઝડપ્યો છે. લૂંટનો માસ્ટરમાઈન્ડ અગાઉ ટ્રાવેલ્સની ઑફિસમાં હિસાબ-કિતાબનો ધંધો કરતો હતો. ટ્રાવેલ્સ દ્વારા આંગડિયા પેઢીના કરોડોના હીરા અને રોકડની સુરત ખાતે હેરાફેરી થતી હોવાની વાતથી આરોપી વાકેફ હતો. માટે તેણે લૂંટનુ પ્લાનિગં કર્યુ હતુ. ધંધામાં નુકશાન જતા દેવુ વધી જવાને કારણે તેણે હાઈવે પર લૂંટ કરાવી હતી તેમ પોલીસ તપાસમાં જાણવા મળ્યુ હતુ.

૧૯ ઓક્ટોબરના રોજ મોડી રાતે બે વાગ્યા આસપાસ અમદાવાદ ગ્રામ્ય કોઠા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બુંદી ગામ પાસેથી પસાર થતા હાઈવે પર લૂંટની ઘટના બની હતી. અમરેલીથી સુરત જતી રામદેવ ટ્રાવેલ્સની બસમાં લૂંટની ઘટના સામે આવી હતી. બસની અંદર લૂંટ અને ધાડ પાડવાના ઈરાદાથી હથિયારો અને પેસેન્જરના સ્વાંગમાં મુસાફરી કરી રહેલા લૂંટારુઓએ બસમાં બઠેલા આંગડિયા પેઢીના કર્મચારીઓ પાસેથી બે કરોડથી વધુના હીરા અને પૈસા લૂંટીને ભાગી ગયા હતા.'

અમદાવાદ ગ્રામ્ય અને આણંદ પોલીસે અલગ અલગ જગ્યાએથી લૂંટના ૯ આરોપીઓની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન પોલીસને જાણવા મળ્યુ કે હીરાની લૂંટનો મુખ્ય સૂત્રધાર સુરતમાં રહે છે. આ પછી તેને પકડવા માટે અમદાવાદ ગ્રામ્યના એસપી અને સુરત શહેર પોલીસ કમિશનરનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સુરત શહેર પીસીબી, અમદાવાદ ગ્રામ્ય એલસીબી અને આણંદ એલસીબીએ સંયુક્ત ઓપરેશન શરૂ કર્યુ હતુ. અલગ-અલગ ટીમો બનાવીને માસ્ટર માઈન્ડને કાબૂમાં લેવા રણનીતિ બનાવવામાં આવી હતી. અંતે સૂત્રધાર હિરેન ધીરૂ અકોલિયા કાપોદ્રા રચના સર્કલ પાસેથી ઝડપાયો હતો. પોલીસની ટીમોએ હીરાની લૂંટના માસ્ટર માઈન્ડની તસવીર જાહેર કરી છે. પોલીસ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે ટ્રાવેલ્સના ભૂતપૂર્વ કર્મચારીએ ૪૦ લાખનુ દેવુ થઈ ગયા બાદ લૂંટને અંજામ આપ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યુ હતુ કે તેના સાગરિતોએ અમદાવાદ ગ્રામ્યના હાઈવે પર આ ઘટનાને અંજામ આપ્યો હતો. જ્યાંથી બસની અંદર રહેલા આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી હીરા અને રોકડ સહિત બે કરોડથી વધુ રૂપિયાની લૂંટ થઈ હતી.

### દિવાળીએ જેલ બહાર લાગણીસભર દ્રશ્યો

# રાજકોટના ૬૦ કેદીને ૧૫ દિવસની રજા, માતા દીકરાને ભેટી ધ્રુસકે ધ્રુસકે રડી, ખુશીનો પાર નથી



રાજકોટ,

રાજકોટ મધ્યસ્થ જેલની બહાર આજે દિવાળીના દિવસે લાગણીસભર દ્રશ્યો જોવાં મળ્યાં, કારણ એટલું જ કે સરકારે ૬૦ કેદી પરિવાર સાથે દિવાળી ઊજવી શકે તે માટે ૧૫ દિવસના પેરોલ જામીન પર રજા આપી છે. આજે એક બાદ એક કેદી જેલની બહાર નીકળી રહ્યા હતા ત્યારે તેડવા આવેલા કોઈનાં બાળકો તો કોઈની માતા ભેટી ભેટીને રડતાં નજરે પડ્યાં હતાં. માહોલ એવો સર્જાયો કે, આ દૃશ્યો જોઈને ઉપસ્થિત સૌ કોઈ પોતાની આંખમાંથી આંસુ રોકી શક્યાં નહોતાં. એક માતા તો કેદી દીકરો જેવો બહાર આવ્યો ને સામે દોડી જઈ ભેટી પડી ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી. તો બીજી તરફ એક કેદીએ કહ્યું કે, હું તો ૨૦ વર્ષથી જેલમાં છું પણ આજે બહાર નીકળતા મને ખુશીનો પાર નથી.

રાજકોટ મધ્યસ્થ જેલના કેદી શીતલ પ્રકાશભાઈ બારૈયાએ જણાવ્યું હતું કે, હું ૯ વર્ષથી જેલમાં છું, મારાં બાળકો ભેગાં રહેવા માટે અમને આટલી રજા આપી તે વાતની ખુશી છે. સરકારનો આભાર માનું છું કે, અમને પરિવાર સાથે આટલા દિવસ રહેવા દે છે. સરકારે દિવાળીએ અમારી સામે જોયું, મારાં સંતાનો સાથે દિવાળીનો તહેવાર ધામધૂમથી ઊજવીશું.

કેદી મુસ્તુફા ઘોઘારીએ જણાવ્યું હતું કે, હું છેલ્લાં ચાર વર્ષથી જેલવાસ ભોગવી રહ્યો છું, સરકારે અત્યારે દિવાળીના તહેવારો નિમિત્તે અમને ૧૫ દિવસના પેરોલ આપ્યા છે. સમયસર હાજર થવાની શરતે અમને આ જામીન આપ્યા છે. સુલેહ-શાંતિનો કોઈ પણ પ્રકારનો ભંગ ન કરવાની શરત રાખી છે. પરંતુ અમે બહુ ખુશ છીએ કે પરિવાર સાથે અમે દિવાળીનો તહેવાર ઊજવી શકીશું.

મુસ્તફા ઘોઘારીએ વધુમાં જણાવ્યું હતું કે, ફટાકડા ફોડી, સગાં-સંબંધીઓને મળીને, બાળકોને હરવાફરવા લઈ જઈ દિવાળીનો તહેવાર ઊજવીશું. ખુશીનો પાર નથી કે એના માટે કોઈ શબ્દો નથી. સરકારનો બે હાથ જોડીને ખૂબ ખૂબ આભાર વ્યકત કરીએ છીએ. સરકાર અમારા પ્રત્યે આવું જ ધ્યાન આપે અને વહેલામાં વહેલી તકે અમને જેલમાંથી મુક્ત કરી માફ કરે તેવી અમારી વિનંતી છે.

કેદી ભૂપત ચાવડાએ જણાવ્યું હતું કે, મારે જેલમાં આ ૨૦મું વર્ષ છે. સરકારને અમે ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ કે, કેદીઓ પર ધ્યાન દીધું. પરિવાર સાથે દિવાળી ઊજવીશું. અત્યારે બેવડી ખુશીની લાગણી અનુભવી રહ્યો છું. સરકારનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

# પોલીસ સ્ટેશનના મુદ્દામાલ રૂમમાંથી જ લાખોના ગાંજાની ચોરી થઈ

બોરસદ,

ઘર અને દુકાનોમાં ચોરી ની ઘટના બનતી હોય છે. અને પોલીસ મામલાની તપાસ પણ કરે છે. પણ જ્યારે પોલીસ મથકમાં જ ચોરી થાય ત્યારે કોની ઉપર વિશ્વાસ મૂકવો.. આણંદ જિલ્લાના બોરસદ પોલીસ મથકમાં ચોરોએ હાથ ફેરો કર્યો છે. પોલીસ સ્ટેશનના સ્ટોર રૂમમાં મૂકેલો રૂ.૮ લાખની કિંમતનો ગાંજો ચોરીને ચોર ફરાર થઈ ગયા હતા. પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મચારીઓ હાજર હોવા છતાં તસ્કરોએ ચોરીને અંજામ કેવી રીતે આવ્યો, તેને લઈને દરેક પોલીસ કર્મચારીના મનમાં સવાલો ઉઠી રહ્યા છે. ઘટનાની વિગતો મુજબ, બોરસદ તાલુકાના વિરસદ ગામમાં પોલીસ સ્ટેશનમાંથી ૪ વર્ષ અગાઉ કબ્જે લીધેલા ગાંજાના મુદ્દામાલની ચોરી થતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. પોલીસના નાક નીચેથી પોલીસ સ્ટેશનમાં ચોરી થઈ હતી. તસ્કરોએ પોલીસ સ્ટેશનના રૂમની પાછળની બારીના સળિયા ખેંચી, ઈંટો કાઢી અને પછી રૂમમાં પડેલો રૂ.૮.૬૦ લાખની કિંમતનો ૧૪૪ કિલો ગાંજો લઈને ફરાર થઈ ગયા હતા. પોલીસ સ્ટેશનમાંથી જ ચોરી થતા પોલીસની આબરુના લીરેલીરા ઉડ્યા હતા. આ સમગ્ર ઘટનાને લઈને પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ દ્વારા અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. એસ.ઓ.જી, એલસીબી સહિતની ટીમોએ ચોરોને પકડવામાં લાગી છે. ત્યારે સવાલ એ થાય છે કે જે પોલીસ પર લોકોની સેવા-સુરક્ષાની જવાબદારી છે તેઓ જ પોલીસ સ્ટેશનમાં ચોરી થતા ઊંઘતા ઝડપાઈ ગયા. ત્યારે હવે સામાન્ય નાગરિકો પોલીસ પાસેથી શું અપેક્ષા રાખે?

# રાજસ્થાનમાં ટૂંક સમયમાં નવી રાજકીય નિમણૂંકો કરવામાં આવશે

જયપુર,

રાજસ્થાનમાં ગત મહિને સર્જાયેલા રાજકીય સંકટ બાદ હવે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને લઈને કોંગ્રેસ છાવણીમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના નેતાઓનું માનવું છે કે રાહુલ ગાંધીની મુલાકાતથી પાર્ટીના નેતાઓમાં એકતા આવશે અને તે વિધાનસભાની ચૂંટણીમાં મજબૂતી સાથે મેદાનમાં ઉતરશે. આ સાથે જ રાહુલની મુલાકાત પહેલા રાજસ્થાન કોંગ્રેસ સંગઠન અને સરકાર બંનેએ સક્રિયતા વધારી દીધી છે.

એક તરફ ગેહલોત સરકાર જનતા માટે સતત મોટી જાહેરાતો અને ભેટ આપી રહી છે, તો બીજી તરફ કોંગ્રેસ સંગઠને પણ રાહુલની પ્રદેશ મુલાકાતની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કોંગ્રેસ સંગઠનમાં પડતર નિમણૂકોનો નિકાલ દિવાળી બાદ થઈ જશે તેમ માનવામાં આવે છે. આ સિવાય સરકાર સંગઠનના અનેક કાર્યકરોને રાજકીય નિમણૂકોની ભેટ પણ આપી શકે છે.

માહિતી અનુસાર, રાજ્યમાં ૧ ૪ યુઆઈટી સિવાય જોધપુર, અજમેર ડેવલપમેન્ટ ઓથોરિટીમાં લાંબા સમયથી નિમણૂકોની રાહ જોવાઈ રહી છે. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે યુઆઈટીમાં નિમણૂકોની સૂચિને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, જેમાં આબુ, અલવર, બાડમેર, ભરતપુર, ભીલવાડા, બિકાનેર, ચિત્તોડગઢ, જેસલમેર, કોટા, પાલી, સીકર, શ્રી ગંગાનગર, સવાઈ માધોપુર, ઉદયપુરના નામનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૂત્રોનું કહેવું છે કે અગાઉ UITમાં તમામ નિમણૂકો દિવાળી પહેલા થઈ જવાની ધારણા હતી, પરંતુ હવે એવું માનવામાં આવે છે કે દિવાળી પછી ગમે ત્યારે આ યાદી જાહેર થઈ શકે છે.

તમને જણાવી દઈએ કે ગત મહિને સરકાર પર રાજકીય સંકટ આવ્યા બાદ રાજ્યમાં રાજકીય નિમણૂકોમાં તેજી આવી છે, આ સિવાય ઘણા ધારાસભ્યો પણ તેમની ઈચ્છા પર તેમના વિસ્તારમાં તેમના મનપસંદ અધિકારીઓને લગાવી રહ્યા છે. આંકડાઓ પર નજર કરીએ તો, છેલ્લા એક મહિનામાં વિવિધ બોર્ડ-નિગમમાં ૧૦૦ થી વધુ નિમણૂંકો કરવામાં આવી છે. આ ઉપરાંત સરકારે ૨૦ મુદ્દાના કાર્યક્રમને લઈને રાજ્ય સ્તરીય સમિતિની પણ રચના કરી છે.

એવું જાણવા મળે છે કે રાજસ્થાનમાં રાહુલ ગાંધીની યાત્રા ડિસેમ્બરની શરૂઆતમાં એમપીની સરહદમાં પ્રવેશવા જઈ રહી છે, જેનો રૂટ ઝાલાવાડ, કોટા, બુંદી, ટોંક, દૌસા, અલવર થઈને દિલ્હી તરફ જશે. પીસીસીને ગાંધીની મુલાકાતને લઈને વિધાનસભા ક્ષેત્રોમાંથી ભીડ લાવવાથી લઈને અનેક પ્રકારની જવાબદારીઓ આપવામાં આવી છે. રાહુલ ગાંધી જ્યારે રાજસ્થાન આવશે ત્યારે વિવિધ વિધાનસભા ક્ષેત્રોમાં પીસીસી યાત્રા પણ કાઢવામાં આવશે.

# દિવાળીએ ગુજરાતના ૧૭ IPS ઓફિસરોને બદલી-પ્રમોશનના ઓર્ડર છૂટ્યા

ગાંધીનગર,

દિવાળીના પ્રસંગે ગુજરાતમાં પોલીસ બેડામાં ચર્ચા ચર્ચા થઈ ગઈ. આજે દિવાળીએ ગુજરાતના ૧૭ આઈપીએસ ઓફિસરોને બદલી અને પ્રમોશનનો ઓર્ડર આપવામાં આવ્યો છે. દિવાળીના દિવસે આઈપીએસ અધિકારીઓની બદલી એકસાથે કરાઈ છે. સાથે જ અનેક આઈપીએસ અધિકારીઓને પ્રમોશન મળ્યા છે. કુલ મળીને ૧૭ આઈપીએસ અધિકારીઓની બદલીનો ઓર્ડર છૂટ્યો છે. અમદાવાદ શહેરના ૩ અધિકારીઓની બદલી કરાઈ છે. તો રાજકોટના પોલીસ કમિશનરની પણ બદલી થઈ છે.

- જે બદલીઓ કરવામાં આવી છે તેમાં એસ. રાજકુમાર પાંડિયાની બદલી,પાંડિયાની એડીજીપી રેલવેમાં બદલી.
- ખુરશીદ અહમદની બદલી કરાઈ,ખુરશીદ અહમદની એડીજીપી પ્લાનિંગ અને આધુનિકરણમાં બદલી.
- પીયૂષ પટેલની બદલી કરાઈ,પીયૂષ પટેલને સુરત રેંજ આઈજી બનાવાયા.
- અજય ચૌધરીની બદલી કરાઈ,અજય ચૌધરીની જેસીપી સ્પેશિયલ સેલ અમદાવાદમાં બદલી.
- એમ.એ. ચાવડાની બદલી કરાઈ,એમ.એ. ચાવડાને આઈજીપી જૂનાગઢ રેંજ બનાવાયા.
- અશોક યાદવની બદલી કરાઈ,અશોક યાદવને આઈપીજી રાજકોટ રેંજ બનાવાયા.
- સંદીપસિંહની બદલી કરાઈ,સંદીપસિંહને આઈજીપી વડોદરા રેંજ બનાવાયા.
- ગૌતમ પરમારની બદલી કરાઈ,ગૌતમ પરમારને આઈજીપી ભાવનગર રેંજ બનાવાયા.
- ડી.એચ. પરમારની બદલી,ડી.એચ. પરમારને રક્ષાશકિત યુનિ.માં ડે.ડાયરેકટર બનાવાયા.
- એમ.એસ. ભરાડાની બદલી કરાઈએમ.એસ. ભરાડાને એડી.સીપી અમદાવાદ સેકટર ૨ બનાવાયા.
- ચિરાગ કોરડિયાની બદલી કરાઈ,ચિરાગ કોરડિયાને ડીઆઈજીપી પંચમહાલ રેંજ બનાવાયા.
- મનોજ નિનામાની બદલી કરાઈ છે તેમની ટ્રાફિકમાં બદલી થઈ છે.
- એ.જી. ચૌહાણની બદલી કરાઈ એ.જી. ચૌહાણની એડી.સીપી અમદાવાદ ટ્રાફિકમાં બદલી.
- આર.વી. અસારીની બદલી આર.વી. અસારીને ડીઆઈજી ઈન્ટેલિજન્સ બનાવાયા.
- કે. એન. ડામોરની બદલી કે. એન. ડામોરને એડી.સીપી સુરત સેકટર ૨ બનાવાયા છે.
- સૌરભ તોલંબિયાની બદલી કરાઈ સૌરભ તોલંબિયાની બદલી એડી.સીપી રાજકોટ (એડમિન, ટ્રાફિક,ક્રાઈમ).
- નીરજ બડગુર્જરની બઢતી સાથે બદલી કરાઈ નીરજ બડગુર્જરને એડી સીપી અમદાવાદ સેકટર ૧ બનાવાયા છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે આનંદદાયક રહેશે. જો તમે વેપાર કરો છો તો તેમાં નફો મળવાની સંભાવના છે. આ રાશિના કેટલાક લોકો આ દિવસે રોકાણ કરવાનો વિચાર પણ બનાવી શકે છે.

વૃષભ : આજે દિવસની શરૂઆત સારી થશે. આજે તમને કાર્યસ્થળમાં પણ ઈચ્છિત પરિણામ મળશે. વરિષ્ઠ લોકો સાથે વાતચીત કરીને તમને સારું લાગશે. જો તમે સંયુક્ત પરિવારમાં રહેતા હોવ તો સાંજે ઘરમાં પાર્ટીનો માહોલ બની શકે છે અને પરિવારના સભ્યો સાથે બહાર ફરવા જય શકો છો.

મિથુન : આજે તમે તમારી માતાના પક્ષના લોકોને મળીને સારું અનુભવશો. જો તમે નોકરી કરતા હોવ તો આજે દિવાળી બોનસ મળવાની સંભાવના છે. વિદ્યાર્થીઓ માટે આજનો દિવસ થોડો પડકારજનક રહી શકે છે, આજે તમારામાં એકાગ્રતાનો અભાવ જોવા મળી શકે છે. આ રાશિના પ્રેમીઓ માટે દિવસ સારો રહેશે.

કર્ક : આજે ઘરની સફાઈમાં પોતાની શક્તિ લગાવી શકે છે. આજે તમે જે પણ કામ હાથમાં લેશો તેમાં સફળતા મળવાની સારી તક છે. આજે તમારી અંદર હિંમત અને પરાક્રમમાં વધારો થશે. જે લોકો પોતાના ઘરથી દૂર રહે છે તેઓ આજે ઘરે જવા માટે નીકળી શકે છે.

સિંહ : આ દિવસે સિંહ રાશિના કેટલાક લોકો વાહન ખરીદવાનો વિચાર કરી શકે છે અને આ વિચાર પરિવારના સભ્યોની સામે પણ રાખી શકે છે. આ દિવસે આ રાશિના લોકોની માતાના સ્વાસ્થ્યમાં સારા ફેરફારો જોવા મળી શકે છે. આજે સાંજે તમારા પ્રેમી સાથે સારો સમય પસાર કરવાની તક મળી શકે છે.

કન્યા : આ દિવસે સૂર્યની માલિકી ધરાવતી કન્યા રાશિના લોકોની વાણીમાં મધુરતા જોવા મળી શકે છે. આજે તમે તમારા અવાજથી તમારા વિરોધીઓનું દિલ જીતવામાં પણ સફળ રહેશો. આ રાશિના કેટલાક લોકો તેમના માતા-પિતા સાથે ઘરની સજાવટનું આયોજન પણ કરતા જોવા મળે છે.

તુલા : આજે નોકરિયાત લોકોને અચાનક જ થોડુ દુર જવું પડી શકે છે. આ યાત્રા જે પણ સંબંધિત હશે તેમાં તમને સફળતા મળવાની અપેક્ષા છે. આજે તમે પરિવારના સભ્યો સાથે પણ સારો સમય પસાર કરી શકશો અને જો ઘરના કોઈ સભ્ય સાથે તમારો વિવાદ છે તો તમે તેને દૂર કરવાનો પ્રયાસ પણ કરી શકો છો.

વૃશ્ચિક : આજે વૃશ્ચિક રાશિના લોકોનું ભાગ્ય સાથ આપશે, જેના કારણે જે કામો અત્યાર સુધી અટકેલા હતા તે પણ પૂરા થશે. જો તમે ભૂતકાળમાં ક્યાંક રોકાણ કર્યું હોય તો તેમાંથી તમને નફો પણ મળી શકે છે. જો તમે વિદેશ જવાનું વિચારી રહ્યા છો, તો આ દિવસે તમને આ કાર્યમાં સકારાત્મક પરિણામ મળી શકે છે.

ધન : આજે ધન રાશિના લોકોના વ્યવહારમાં સ્વતંત્રતા રહેશે. આજે વાત કર્યા વિના પણ તમને એવું લાગે છે કે જાણે કોઈ બોજ ઓછો થઈ ગયો હોય. આજે તમે નકારાત્મક વિચારોથી મુક્તિ મેળવી શકો છો. આ દિવસે કેટલાક લોકો તેમના જીવનના કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લઈ શકે છે.

મકર : મકર રાશિના લોકોને ભૌતિકતાવાદી માનવામાં આવે છે, પરંતુ આજે તેમના વર્તનથી વિપરીત, તેમનામાં આધ્યાત્મિક બાબતો તરફ રુચિ જોવા મળે છે. આ રાશિના લોકો આજે લોકો સાથે વાત કરવાને બદલે એકાંતમાં સમય પસાર કરવાનું પસંદ કરશે.

કુંભ : આજે પોતાના જીવનસાથી સાથે સારો સમય પસાર કરશે. જેમણે તાજેતરમાં લગ્ન કર્યા છે તેઓ તેમના જીવનસાથી સાથે રોમેન્ટિક સમય પસાર કરી શકે છે. આ રાશિના લોકો માટે પણ આજનો દિવસ સુખદ રહેશે જે ભાગીદારીમાં વેપાર કરે છે.

મીન : આજે પોતાના ભોજન પર ધ્યાન આપવું પડશે, આજે બહારનો ખોરાક તમારી પાચન તંત્ર પર ખરાબ અસર કરી શકે છે. આજે કેટલાક લોકોને આજે અચાનક ધન લાભ થવાની સંભાવના છે. જો કે આજે લેવડ-દેવડના મામલામાં સાવધાની રાખવી પડશે.

# આજે ખંડગ્રાસ સૂર્યગ્રહણ,અમુક શહેરોમાં આ સૂર્યગ્રહણ એક કલાકથી વધારે સમય સુધી દેખાશે

પંચાંગ અનુસાર, આ વર્ષનું બીજું સૂર્યગ્રહણ આવતીકાલે, મંગળવારે થવાનું છે. આ સૂર્યગ્રહણની અસર માનવ, પ્રાણી અને પક્ષીઓ તેમજ ગ્રહો ઉપર થઈ શકે છે. ગુજરાતી-હિન્દુ વર્ષ ૨૦૭૮ અને અંગ્રેજી વર્ષ ૨૦૨૨ના દિવાળી પર્વ પછીના દિવસે સૂર્યગ્રહણ થઈ રહ્યું છે. આ સૂર્યગ્રહણ ભારતના ઘણા ખરા ભાગોમાં દેખાશે. અમુક શહેરોમાં આ સૂર્યગ્રહણ એક કલાકથી વધારે સમય સુધી દેખાશે. ગ્રહણના મધ્યભાગ વખતે ચંદ્ર ગ્રહ સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવી જશે.

કયા કયા શહેરમાં સૂર્યગ્રહણ કેટલી વાર દેખાશે?

મુંબઈ - સાંજે ૪.૪૯ થી ૬.૦૯ સુધી
અમદાવાદ - સાંજે ૪.૩૮થી સાંજે ૬.૦૬ સુધી
રાજકોટ - સાંજે ૪.૩૮થી સાંજે ૬:૧૦.૩૩
નવી દિલ્હી - સાંજે ૪.૨૮થી સાંજે ૫.૪૨ સુધી
હૈદરાબાદ - સાંજે ૪.૫૮થી ૫.૪૮ સુધી
બેંગલુરુ - સાંજે ૫.૧૨થી ૫.૫૬ સુધી
કોલકાતા - સાંજે ૪.૪૨થી ૫.૪૭ સુધી
ચેન્નાઈ: સાંજે ૫.૧૩થી ૫.૪૫ સુધી

ગુજરાતના દ્વારકામાં આ સૂર્યગ્રહણ ૧ કલાક ૪૫ મિનિટ સુધી દેખાશે જ્યારે સૌથી ઓછા સમય માટે પશ્ચિમ બંગાળમાં દેખાશે - આશરે ૧૨ મિનિટ સુધી. ઈશાન ભારતના અમુક રાજ્યોમાં આ ગ્રહણ જોવા નહીં મળે.

સૂર્યગ્રહણનો આરંભ - બપોરે ૨.૨૯ મિનિટથી
સૂર્યગ્રહણનો મધ્યકાળ - સાંજે ૪.૩૦ મિનિટ
સૂર્યગ્રહણનો સમાપ્તિ સમય - સાંજે ૬.૩૨ મિનિટ
ગ્રહણનો કુલ સમય - ૪ કલાક ૩ મિનિટ

# દેશમાં સૌપ્રથમ ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં દિવાળીની ઉજવણી કરાઈ

ઉજ્જૈન,

ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગોમાંના એક ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં સૌપ્રથમ દિવાળી ઉજવવામાં આવી હતી. સોમવારે સવારે ચાર વાગ્યે સૌપ્રથમ બાબાની ભસ્મ આરતી કરવામાં આવી હતી, ૫૬ ભોગ ધરાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ બાબાની મહા આરતી કરી દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. બાબા મહાકાલે દિવાળી ઉજવીને ઉત્સવની શરૂઆત કરી છે. તમને જણાવી દઈએ કે જૂની માન્યતા અને પરંપરા અનુસાર બધા તહેવારો સૌથી પહેલા મહાકાલના આંગણે ઉજવવામાં આવે છે.

આ જ કારણ છે કે રોશનીનો સૌથી મોટો તહેવાર દિવાળી પણ સોમવારે સવારે ભસ્મ આરતી સાથે બાબા મહાકાલના પ્રાંગણમાં ઉજવવામાં આવી હતી. આ પહેલા બાબા મહાકાલને ચંદનનો લેપ લગાવવામાં આવ્યો હતો. ભસ્મ આરતીમાં પંચામૃતથી અભિષેક કરી બાબાની પૂજા કરવામાં આવી હતી. આ પછી, પૂજારીએ ગર્ભગૃહમાં શિવલિંગની પાસે ફૂલઝર કરીને ભગવાન શિવ સાથે દિવાળીના તહેવારની ઉજવણી કરી. સાથે જ બાબાને ૫૬ ભોગ ચઢાવી તેમના આશીર્વાદ લીધા હતા.

પરંપરા અનુસાર, પુજારીને આપવામાં આવતી ખાદ્ય સામગ્રીમાંથી બાબા મહાકાલ માટે ૫૬ ભોગ તૈયાર કરવામાં આવે છે. દિવાળી નિમિત્તે મહાકાલ મંદિરમાં આકર્ષક રોશની અને રંગોળીનો શણગાર પણ કરવામાં આવ્યો છે. કાર્તિકેય મંડપમ, ગણેશ મંડપમ અને ગર્ભગૃહને પણ દિવાળીના અવસરે ભવ્ય રીતે શણગારવામાં આવ્યા છે.

મંદિરના પૂજારી પંડિત પ્રદીપ ગુરુએ જણાવ્યું કે મંદિરમાં પૂજારી દેવેન્દ્ર શર્મા, કમલ પૂજારીના માર્ગદર્શન હેઠળ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત ફૂલઝર સાથે આરતી કરવામાં આવી હતી. જો કે મંદિરમાં અન્નકૂટ ૫૬ ભોગની પરંપરા વર્ષો જૂની છે, તે પણ આ પ્રસંગે નિભાવવામાં આવી હતી. આ સાથે ભગવાનને વિવિધ પ્રકારના રસ અને સુગંધિત પદાર્થો અર્પણ કરવામાં આવ્યા હતા. આ પછી ભગવાનને ભાંગનો શણગાર કરવામાં આવ્યો હતો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દે. બારીયા તાલુકામાં ખાનગી લેબોરેટરીમાં દર્દીઓનું થતું શોષણ : લેબ રિપોર્ટમાં ડોકટરોને વધારે અનુકૂળતા

દાહોદ,
દેવગઢ બારીયા તાલુકા મથકે સરકાર તરફથી અદ્યતન સુવિધા સાથેની સરકારી હોસ્પિટલ દર્દીઓની મફત સેવા માટે વર્ષોથી તો ઠીક પણ અંગ્રેજ સાશનના સમય થી શરૂ કરવામાં આવેલ છે. ગામડામાં પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. છતાંય પણ દર્દીઓ હજુ સરકારની મફત સેવાનો લાભ લેવાના બદલે ખાનગી દવાખાનામાં ઊંચી ફી ચૂકવી અને દવા સારવાર કરાવતા હોય છે.

હમણાં થોડા દિવસો થી દેવગઢ બારીયા શહેર સહીત ગામડામાં વાઈરલ રોગોનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. ક્યાંક ક્યાંક ડેન્ગયુ જેવા તાવની અસરમાં દર્દીઓ દવાખાને સારવાર લઈ રહ્યા છે. સરકારી દવાખાને દર્દીઓ સારવાર કરાવવાનું છોડીને ખાનગી દવાખાને જતા હોય છે. દેવગઢ બારીયા શહેરમાં મોટા ભાગના ડોક્ટર તેમના દવાખાને આવતા દર્દીને ચેકઅપ કરી તરત જ લેબોરેટરી રિપોર્ટ કઢાવવા માટે સૂચન કરતા હોય છે. દર્દી પોતે બીમાર હોય વહેલા તબિયતમાં સુધારો થાય તો સારૂ તેમ કરીને લેબોરેટરી રિપોર્ટ કઢાવવા માટે તૈયારી બતાવતા હોય છે અને ડોક્ટર પોતાના માણીતા લેબોરેટરી વાળાને ફોન કરી દર્દીના સેમ્પલ લેવા માટે દવાખાને બોલાવી લેતા હોય છે. લેબોરેટરી આસિસ્ટન્ટ દર્દીનું સેમ્પલ લઈ તરતજ લેબોરેટરી રિપોર્ટની ચકાસણી ફી પણ ઊંચી લેતા હોય છે. જેનું મુખ્ય કારણ જેતે ડોકટરનું લેબોરેટરી વાળા પાસે ૪૦% જેટલું કમિશન નકકી કરેલું હોવાની ખાનગી માહિતી જાણવા મળી છે. કેટલાક સંજોગોમાં રિપોર્ટની જરૂરિયાત નહીં હોવા છતાંય પણ ડોક્ટર પોતાનું કમિશન મળશે તેવા આશયે દર્દીનો મેડિકલ લેબોરેટરી રિપોર્ટ બનાવી દેતા હોય છે. દેવગઢ બારીયામાં મોટાભાગના ખાનગી દવાખાનામાં હવે દર્દીનું ફરજીયાત લેબોરેટરી રિપોર્ટ કરાવવું બની ગયું છે. વર્ષો પહેલા દેવગઢ બારીયામાં કોઈ લેબોરેટરી હતી નહીં તે સમયે પણ દેવગઢ બારીયામાં ખાનગી દવાખાના હતા અને આજે પણ તેમાના સિનિયર ડોક્ટર હજુ હાજર છે. દર્દીની હાથની નાડી તપાસી અને રોગના લક્ષણો તથા દર્દીના ખોરાક વિશે જાણી લઈ તેઓ કોઈ લેબોરેટરી કરાવ્યા વગર ઓછી ફી દર્દી પાસે લઈ દવા સારવાર કરતા હતા, જે જગ જાહેર છે.

આમ, દેવગઢ બારીયા તાલુકામાં ખાનગી દવાખાનામાં સારવાર લેવા આવતા દર્દીઓનું ડોક્ટર દ્વારા ઘણીવાર બિનજરૂરી લેબોરેટરી રિપોર્ટ કઢાવી ગામડાના દર્દીઓનું આર્થિક શોષણ થઈ રહ્યું છે.

# ગરબાડા પોલીસ મથકના પોલીસ કર્મીઓએ દવાખાનામાં દર્દી સ્ટાફ અને અસક્ષમ લોકોને દિવાળીની મીઠાઈ વહેંચી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
દાહોદ જિલ્લા પોલીસ વડા બલરામ મીના તથા મદદનીશ પોલીસ અધિક્ષક જગદીશ બાંગરવાનાઓની સૂચન તથા માર્ગદર્શન કરેલ કે, પોલીસ ઉપર નાગરિકોનો ભરોસો વધે તથા જે લોકો દિવાળી તહેવારમાં મીઠાઈ ખરીદ ન કરી શકે તેવા લોકો તથા સરકારી દવાખાનામાં દાખલ દર્દીઓ તથા તહેવારોમાં દર્દીઓની ખડે પગે સેવા કરતા સ્ટાફને પોલીસ તરફ થી શુભેચ્છા પાઠવી પહેલ કરવા માર્ગદર્શન આપતા આજરોજ દિવાળીના તહેવારના દિવસે ગરબાડા પોલીસ સ્ટેશનની પોલીસ તરફ થી ગરબાડા સરકારી CHC દવાખાના માં દર્દીઓ તથા દવાખાનાના સ્ટાફ તથા ગરબાડા બજારમાં દિવાળીના તહેવારમાં મીઠાઈ ખરીદવામાં અસક્ષમ લોકોને દિવાળીના તહેવારની શુભેચ્છા પાઠવી મીઠાઈ વહેંચવામાં આવી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**દાહોદ મા નવીન બનેલ ભાજપ કાર્યલય કમલમ ખાતે આજ રોજ દિવાળી હોય દાહોદ જિલ્લા પ્રમુખ શંકર અમલિયારની ઉપસ્થતિ માં ૧૧૧૧ દીવડા પ્રગટાવી હતી. દાહોદ શહેર નગર પાલિકા પ્રમુખ તથા કાઉન્સિલર અને ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર હાજર રહ્યા હતા.**

# રાજ્યમાં મહેસાણા અને નવસારી સહિત ત્રણ શહેરોમાં આગની ઘટના, માલમત્તાને ભારે નુકશાન

અમદાવાદ,
મહેસાણા જિલ્લામાં યાત્રાધામ બહુચરાજીમાં ૩ દુકાનમાં લાગી આગ હોવાના સમચાર મળી રહ્યા છે. બે ફરસાણ અને એક બ્યુટી પાર્લરમાં રાત્રિ દરમ્યાન આગ લાગી હતી. મહેસાણા નગર પાલિકાના ૨ ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી આગ કાબૂમાં લીધી. જો કે આ આગમાં દુકાનોમાં રહેલ તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. મહત્વનું છે કે, યાત્રાધામ બહુચરાજીમાં ફાયર સ્ટેશનના હોવાને કારણે ભારે મુશ્કેલી સર્જાઈ હતી. તો ભરૂચના જંબુસર તાલુકાના કોરા ગામે મોડી રાતે નવી વસાહતમા સોટસર્કિટથી બે મકાનમા આગ લગતા દોડધામ મચી હતી. જો કે કલાકોની જહેમત બાદ આ આગ પર કાબુ મેળવાયો છે. આ ઘટનામાં કોઈ જાનમાલના અહેવાલ મળી રહ્યા નથી.

# વિદેશની મહિલાઓ બોયફ્રેન્ડ બદલે છે એવી જ બિહારના મુખ્યમંત્રીની સ્થિતિ છે: કૈલાશ વિજયવર્ગીય

## મહિલાઓનું અપમાન કરવું ભાજપના DNAમાં છે : કોંગ્રેસ





પટણા,
બિહારમાં નવી સરકાર બનતાં કૈલાશ વિજયવર્ગીયએ કમેન્ટ કરી છે. જોકે હવે એના પર સવાલો ઉઠી રહ્યાં છે. ભારતીય જનતા પાર્ટીના મહાસચિવ અને સાંસદ કૈલાશ વિજયવર્ગીય એ ચીફ મિનિસ્ટર નીતીશ કુમાર વિશે વાત કરતાં કહ્યુ કે બિહારની સરાકર એવી રીતે બદલાઈ ગઈ છે જાણ કે વિદેશમાં છોકરીઓ બોયફ્રેન્ડ બદલી કાઢે છે. વિજયવર્ગીયના આ સ્ટેટમેન્ટ પર કોંગ્રેસ અને સપાના પ્રમુખ અખિલેશ યાદવે એનો વિરોધ કર્યો છે.

કૈલાશ વિજયવર્ગીય બિહારમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. આ દરમ્યાન પત્રકારે કહ્યુ કે બિહારમાં લાલુ પ્રસાદ યાદવ ફરી બડે ભૈયા બની ગયા છે. આ વિશે કૈલાશ વિજયવર્ગીયએ કહ્યુ કે 'હું વિદેશમાં હતો. જે દિવસે બિહારની સરકાર બદલી એ દિવસે એક વ્યક્તિએ મને કહ્યુ કે આ તો અમારા અહીંયા થાય છે એમ કે છોકરીઓ બોયફ્રેન્ડ ગમે ત્યારે બદલી કાઢે છે એવું ત્યાં થયું. બિહારના મુખ્યમંત્રીની પણ આ જ સ્થિતિ છે. કોણ ક્યારે કોનો હાથ પકડી લે અને કોણ કોનો હાથ છોડી દે એ ખબર નથી પડતું.'

કોંગ્રેસ આ વિશે કૈલાશ વિજયવર્ગીયને આંટીમાં લીધો છે. કોંગ્રેસે તેમના ટ્વિટર દ્વારા કહ્યુ હતુ કે મહિલાઓનું અપમાન કરવું ભાજપના ડીએનએમાં છે. અભદ્ર ટીપ્પણી કરવી અને અપરાધીઓને રંક્ષણ આપવું એ જ તેમની રીત છે. પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી દેશની મહિલાઓની ક્યારે માફી માગશે? આ વિશે ચુપકી રાખવામાં આવી છે એને સહન કરવામાં નહીં આવે.

વિજયવર્ગીયના આ સ્ટેટમેન્ટ વિશે યૂકીના ભૂતપૂર્વ સીએમ અખિલેશ યાદવની પ્રતિક્રિયા પણ આવી હતી. તેમણે લખ્યુ કે 'મહિલાઓ માટે આવા નકારાત્મક વિચાર રાખનારા ભાજપના નેતાઓ જ્યાં સુધી છે ત્યાં સુધી ભાજપના રાજમાં દેશમાં મહિલાઓની સ્થિતિ કેવી રીતે સુધરશે.'

બિહારમાં નીતીશ કુમારે ભારતીય જનતા પાર્ટી છોડીને હવે લાલૂ પ્રસાદ યાદવની પાર્ટી RJD સાથે મળીને સરકાર બનાવી છે. આ મહાગઢબંધન સરકારમાં ટોટલ સાત નાની-મોટી પાર્ટીઓ છે. નીતીશ આ સરકારમાં પણ સીએમ બન્યા છે. તેજસ્વી યાદવ ડેપ્યુટી સીએમ બન્યા છે. સરકારમાં ટોટલ ૩૧ મંત્રી બનાવવામાં આવ્યા છે, જેની સપથ પણ લેવાઈ ગઈ છે. નીતીશ આ નવી સરકારનું ૨૪ ઓગસ્ટે વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ કરશે. અધ વચ્ચેથી નીતીશ કુમાર બીજેપીનો સાથ છોડતા દરેકને આશ્ચર્ય થયું છે. બીજેપી ત્યારથી નીતીશ કુમાર પર અટેક કરી રહી છે. બીજી તરફ નીતીશ કુમારે કહ્યુ કે બીજેપી રાજ્યમા ત્નહેંને સમાપ્ત કરવાની કોશિશ કરી રહી છે. આથી તેમણે અલગ થવાનો નિર્ણય લીધો હતો.

અત્યારે નીતીશ સરકારના કેટલાક મંત્રી પર સવાલો ઊભા થઈ રહ્યાં છે. બીજેપીએ આરોપ મૂક્યો છે કે નીતીશ સરકારે અપરાધીઓને નેતા બનાવ્યા છે. મંત્રી કાર્તિકેય કુમાર, લેસી સિંહ જેવા નામનો ખુલ્લે આમ વિરોધ થઈ રહ્યો છે. આ આરોપની વચ્ચે જ નીતીશે ગુરુવારે દરેક મંત્રિયોના જિલ્લાઓનો ભાર વહેંચી દીધો છે. કાર્કિકેયને શિવહર અને લેસીને મુધુબનીની જવાબદારી સોંપી દેવામાં આવી છે. ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ પટણા અને ભોજપુરને જોશે.

# ૫ વર્ષમાં જે રોજગાર અપાયો તેમાં ૮૦ ટકા રોજગાર કોન્ટ્રાક્ટ પર અપાયો : ભાજપ સાંસદ



પીલીભીત,
ભારતીય જનતા પાર્ટીના પીલીભીતના સાંસદ વરુણ ગાંધી મોટા ભાગે પોતાની જ સરકાર પર પ્રહાર કરતા રહે છે. ફરી એક વખત તેમણે ઉત્તર પ્રદેશ PETની પરીક્ષાને લઈને ભાજપ સરકાર પર પ્રહાર કર્યો છે. વરુણ ગાંધીએ પીલીભીતના બરખેડા બ્લોકમાં એક જનસભાને સંબોધિત કરી હતી. પોતાના સંબોધન દરમિયાન ભાજપ સાંસદે ઉત્તર પ્રદેશ અધીનસ્થ સેવા સિલેક્શન આયોગ તરફથી પ્રારંભિક પાત્રતા પરીક્ષાનું આયોજનને લઈને કહ્યું કે, વિદ્યાર્થી આખું વર્ષ મન લગાવીને અભ્યાસ કરે છે, તૈયારી કરે છે કે આ વખત પરીક્ષામાં સારું કરીને આવીશું, પરંતુ પૂરના કારણે દેશમાં ૩૫ લાખમાંથી ૧૬ લાખ વિદ્યાર્થી પરીક્ષા આપતા વંચિત રહી ગયા.

ભાજપ સાંસદ વરુણ ગાંધીએ તેના માટે સરકારને જવાબદાર ઠેરવી છે. તેમણે સરકાર પર પ્રહાર કરતા આગળ કહ્યું કે, શું તમને ખબર છે કે છેલ્લા ૫ વર્ષોમાં જે રોજગાર આપવામાં આવ્યો તેમાં ૮૦ ટકા રોજગાર કોન્ટ્રાક્ટ પર આપવામાં આવ્યો. આ દેશમાં કોઈ પણ વ્યક્તિ કોન્ટ્રાક્ટ પર કામ કરવા માગતુ નથી. ઉલ્લેખનીય છે કે આ કોઈ પહેલી વખત નથી, જ્યારે વરુણ ગાંધી પોતાની જ સરકાર પર પ્રહાર કર્યો હોય. વરુણ ગાંધી બેરોજગારીઓના મુદ્દા પર યુવાનોનો અવાજ બનીને પોતાની સરકારને સવાલ કરતા રહે છે.

૧૫ ઓક્ટોબરના રોજ ઉત્તર પ્રદેશમાં પરીક્ષા કેન્દ્ર પર પહોંચવા માટે મુશ્કેલીનો સામનો કરતા વિદ્યાર્થીઓની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરીને ભાજપના સાંસદ વરુણ ગાંધીએ યોગી સરકાર પર પ્રહાર કર્યો હતો. તેમણે આ તસવીરોના કેપ્શનમાં લખ્યું હતું, 'ઉત્તર પ્રદેશ પૂરની ઝપેટમાં છે અને ૩૭ લાખથી વધારે વિદ્યાર્થી PETની પરીક્ષા આપવા નીકળ્યા છે. પ્રશ્ન પત્ર સોલ્વ કરવાથી મોટો પડકાર સેન્ટર સુધી પહોંચવાનો છે. વિદ્યાર્થીઓની નિરંતર માગણી બાદ પણ ન પરીક્ષા ટાળવામાં આવી અને ન મુસાફરીની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી.

કદાચ હવાઈ નિરીક્ષણથી જમીની મુદ્દા દેખાતા નથી. ઉત્તર પ્રદેશ કોંગ્રેસે પણ વિદ્યાર્થીઓની પરીક્ષાની વ્યવસ્થાને લઈને સરકાર પર નિશાનોન સાધ્યો હતો. ઉત્તર પ્રદેશ કોંગ્રેસની સોશિયલ મીડિયા ટીમે ટ્વીટર હેન્ડલથી એક વીડિયો શેર કર્યો હતો, જેમાં કેપ્શનમાં લખ્યું હતું કે PETની પરીક્ષામાં ૩૭ લાખ ફોર્મ ભરવામાં આવે, જેનાથી સરકારે કરોડોની કમાણી કરી, પરંતુ વિદ્યાર્થીઓના આવવા-જવા માટે પરિવહનની કોઈ વ્યવસ્થા ન કરી. વિદ્યાર્થી ૩૦૦-૪૦૦ કિલોમીટર દૂર સેન્ટર સુધી પહોંચવા માટે ધક્કા ખાઈ રહ્યા છે. ધિક્કાર છે. તેની સાથે જ લખ્યું કે મહામાનવની રેલીઓમાં ભીડ એકત્ર કરવા માટે સરકારી બસોનો ખૂબ ઉપયોગ થાય છે, પરંતુ બેરોજગાર વિદ્યાર્થીઓ માટે સરકાર પાસે કોઈ સુવિધા નથી હોતી.

## ૩૧મીએ વડાપ્રધાન ગુજરાતમાં

# મલુપુરમાં ૪ ખાતમૂહૂર્ત, કેવડિયામાં એકતા દિવસની ઉજવણી



અમદાવાદ,
ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૬ દિવસના ગુજરાત પ્રવાસે આવ્યાં છે. આજે તેમનો ત્રીજો દિવસ છે. ત્યારે વડાપ્રધાન મોદી આગામી ૩૧મી ઓક્ટોબરે ગુજરાત પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ ચૂંટણી પહેલાં ૩ કાર્યક્રમો કરશે. જેમાં મલુપુરમાં ૪ ખાતમૂહૂર્ત કરીને જંગી સભાને સંબોધશે તથા કેવડિયામાં સરદાર જયંતિએ એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. ત્યાર બાદ તેઓ દેશના ભાજપના કાર્યકરોને દિલ્હીથી સંબોધશે. પછી જ ગુજરાતની ચૂંટણીની જાહેરાત થશે એવું માનવામાં આવી રહ્યું છે.

સરદાર જયંતીએ પરંપરા પ્રમાણે કેવડિયામાં એકતા દિવસ સવારે પરેડ સાથે ઊજવાશે. આ કાર્યક્રમમાં ગૃહમંત્રી પણ સામેલ થાય તેવી શક્યતા ખરી. દર વર્ષની માફક કેવડિયામાં વડાપ્રધાન આઈએએસ પ્રોબેશનર્સને પણ સંબોધશે. કેવડિયાથી વડાપ્રધાન બપોરે અમદાવાદ એરપોર્ટ આવી ત્યાંથી બપોરના ત્રણ વાગે થરાદના મલુપુર ગામના હેલિપેડ ખાતે તેઓ જાહેરસભાને સંબોધશે. બનાસકાંઠામાં વડાપ્રધાનના હમણાં હમણાં બે કાર્યક્રમો યોજાયા છે, છેલ્લે ૩૦મી સપ્ટેમ્બરે તેઓ અંબાજી આવ્યા હતા. આ વખતે તેઓ થરાદમાં ચાર યોજનાઓનું ખાતમુહૂર્ત અને ત્રણ યોજનાઓની માત્ર જાહેરાત કરશે.

ખાતમુહૂર્ત થનારી ચારે યોજના સિંચાઈને લગતી છે, જેમાં રૂ. ૧,૫૬૬ કરોડની કસરા-દાંતીવાડા નર્મદા પાઈપલાઈન યોજના, રૂ. ૧૯૧ કરોડની ડીંડરોલની મુકતેશ્વર ડેમ સુધીની નર્મદા પાઈપલાઈન યોજના, નર્મદા નિગમની રૂ. ૮૮ કરોડની ૩૨ કિમીની સૂઈગામ નર્મદા બ્રાન્ચ કેનાલ અને રૂ. ૧૩ કરોડની કાંકરેજ-દિયોદર-પાટણ માટે પાણી પુરવઠા બોર્ડની યોજના સામેલ છે. જ્યારે મોઢેરા-મોટી ધાઉ હયાત પાઈપલાઈન મુક્તેશ્વર ડેમ અને કર્માવત તળાવ સુધી લંબાવવાની રૂ. ૫૫૦ કરોડની યોજના, રૂ. ૧૪૫ કરોડના ખર્ચે બાલારામ નદી ઉપરના ડેમમાંથી પાણી લઈ મલાણી તળાવ સહિત ૧૩ તળાવો ભરવાની યોજના અને રૂ. ૧૨૬ કરોડની સાંતલપુરના ઊંચાઈ ઉપરના ૧૧ ગામોને પાઈપલાઈનથી પાણી આપવાની યોજનાની વડાપ્રધાન દ્વારા જાહેરાત કરાશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.56

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

દિવાળીના શુભ અવસરે સોનું ખરીદી કરવા અવશ્ય પધારો.....

સૌથી વધુ પસંદગી, ઓછા મેકીંગ ચાર્જીસ, સારી ગુણવત્તા....



શ્રીનાથજી જ્વેલર્સ

દુનિયા ભરની વેરાયટી એક જ જગ્યાએ... 916 હોલમાર્ક દાગીના

એક ગ્રાહક તરીકે આપના ફાયદા...... હવે ઈન્શ્યોરન્સ ફ્રી મેળવો

ફોન નં. ૦૨૬૭૨-૨૪૦૩૬૯, મો. ૯૪૨૮૯ ૮૩૯૩૬



અદુમ્બર કુવા, સોનીવાડ, ગોધરા, જી.પંચમહાલ

### કાલોલના મધવાસ-શામળદેવી ગ્રામ પંચાયત તલાટી દ્વારા

# પત્રકાર સાથે ઉદ્ધતાઈ ભર્યા વર્તન અંગે TDOને રજુઆત છતાં કાર્યવાહી નહીં કરતાં અનેક તર્કવિર્તક

ગોધરા,

કાલોલ તાલુકાના મધવાસ અને શામળદેવી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી પોતાના સેજા ઉપર ગેરહાજર રહીને તાલુકા પંચાયતની સામે ખાનગી ઓફિસ ખોલીને વહિવટ ચલાવતા હોય તેવા સમાચાર પ્રસિદ્ધ થતાં તલાટી ઉશ્કેરાઈ જઈને તાલુકા પંચાયત કચેરીમાં પત્રકાર સાથે ઉદ્ધતાઈ અને મારામારી ઉપર આવી જવાની ઘટનામાં ટી.ડી.ઓ.ને લેખિત રજુઆત કરવા છતાં આ બાબતે તલાટી સામે પગલાં ભરવામાં નહિ આવતાં અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે.

કાલોલ તાલુકાના મધવાસ અને શામળદેવી ગ્રામ પંચાયતમાં એસ.એસ.ઠાકોર તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા રહ્યા છે. જે તલાટી સેજાની ગ્રામ પંચાયતમાં ગેરહાજર રહેતા હોય તેમજ તાલુકા પંચાયત કાલોલ કચેરીની સામે ખાનગી ઓફિસ ખોલીને બન્ને પંચાયતનો વહીવટ ચલાવી રહ્યા હોય તેની જાણકારી સ્થાનિક પત્રકારને થતાં તેમના દ્વારા ખાનગી ઓફિસ ચલાવતા તલાટીના ઓફિસની ફોટોગ્રાફી કરીને સરકારી કર્મચારીની ખાનગી ઓફિસનો અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. અખબારમાં તલાટીની મનમાની અને ગેરવહીવટની પોલ ખુલ્લી પડી જતાં બીજા દિવસે પત્રકાર સાથે તાલુકા પંચાયત કચેરીમાં ઉદ્ધતાઈ કરીને મારામારી ઉપર ઉતરી આવ્યા હતા. તલાટીના વર્તનને લઈ કાલોલ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી હતી. તેમ છતાં ટી.ડી.ઓ. દ્વારા શામળદેવી અને મધવાસના તલાટી એસ.એસ.ઠાકોર સામે કાર્યવાહી નહિ કરીને છાવરવામાં આવી રહ્યા છે. તેની સામે અનેક પ્રશ્નો પણ ઉઠવા પામ્યા છે.

કાલોલ તાલુકામાં તલાટી તરીકેની ફરજ મન મરજી મુજબ કરતા તલાટી એસ.એસ.ઠાકોર વિધાનસભાની ચુંટણીમાં રાજકીય પાર્ટીમાં જોડાઈને ચુંટણી લડવાની તૈયારીઓ કરી રહ્યો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે શું સરકારી નોકરીના સ્થળે ગેરહાજર રહેતા હોવાની અનેક ફરિયાદો છતાં શું રાજકીય વગને કારણે કાર્યવાહી કરવામાં આવી નહિ હોય તેવું પણ માની શકાય છે.

# શહેરા સહિત જીલ્લામાં દિવાળીના દિવસે બજારોમાં ઘરાકી જામતા વેપારીઓ ખુશ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા સહિત જીલ્લામાં દિવાળીના દિવસે બજારોમાં ઘરાકી જામતા વેપારીઓમા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તાલુકા વાસીઓએ મોંઘવારીને બાજુમાં મૂકીને વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરી હતી. પર્વને લઈને મરડેશ્વર મંદિર ખાતે પણ ભાઈ ભક્તોનો ધસારો શરૂ રહ્યો હતો. જ્યારે નવા વર્ષને આવકારવા પણ તાલુકાવાસીઓ માં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે.

દિવાળી એટલે પ્રેમ અને પ્રકાશનું પર્વ કહેવામા આવે છે. અંધકાર પર પ્રકાશના વિજયનો તહેવાર ઉજવવા અને નવા વર્ષને આવકારવા શહેરા સહિત જીલ્લાભરમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. વધતી જતી મોઘવારીને બાજુમાં મુકીને તાલુકાવાસીઓ મનમુકીને દિવાળીની ખરીદી કરી હતી. તાલુકા મથક ખાતે આવેલા વિવિધ બજારોમાં દિવાળીના દિવસે ભારે ભીડ જોવા મળી હતી. ફટાક્ડા બજારોમાં પણ છેલ્લે દિવસે ભીડ જોવા મળતા વેપારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. કપડાંઓની દુકાન પણ પણ ભીડ જોવા મળી હતી. હાલમાં અવનવી લાઈટો સજાવાનો પણ ક્રેઝ ચાલ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં દિવાળીના પર્વનો અનોખો નાતો જોડાયેલો છે. ખાસ કરીને અહી રહેતા આદિવાસી સમાજના લોકો સુરત, રાજકોટ, અમદાવાદ, વડોદરા જેવા મોટા શહેરોમાં રોજગારી માટે જતા હોય છે. પણ દિવાળી તો પોતાના વતનમાં જ ઉજવામા આવે છે. ત્યારે એસટી સ્ટેન્ડ પર પણ ભારે ભીડ આ માદરેવતન દિવાળી ઉજવવા આવેલા મુસાફરોની જોવા મળી હતી. દિવાળીના તહેવારને લઈને રાત્રીના સમયે બજારોમાં ખરીદી માટે ભીડ જોવાઈ હતી. જ્યારે પૌરાણિક મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાદેવના ભક્તોનો પ્રવાહ દર્શનાર્થે શરૂ રહેતા મંદિરનું પરિસર હર હર મહાદેવના નાંદથી ગુંજી ઉઠ્યું. સાથે નવા વર્ષને આવકારવામા પણ થનગનાટ જોવા મળી રહ્યો છે. આમ, દિવાળીના પર્વને લઈને પંચમહાલ જીલ્લામાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### દીવાળીના પર્વમાં ચોપડા સહિત લેપટોપનું પણ પૂજન

# ગુજરાત સહિત દેશભરમાં પ્રકાશ પર્વ દિવાળીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી, મંદિરોમાં ભારે ભીડ જોવા મળી

અમદાવાદ,

ગુજરાત સહિત દેશભરમાં દિવાળીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.મોંધવારી વચ્ચે દેશવાસીઓએ દિવાળી પર્વ નિમિતે ફટાકડા ફોડયા હતાં અને એક બીજાને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી આ ઉપરાંત અમદાવાદ સહિત ગુજરાતભરમાં દિવાળી પર્વ નિમિતે ચોપડા પુજનનું આયોજન કરવામાં આવ્યું હતુ આ ઉપરાંત આજ સવાલથી જ મંદિરોમાં ભક્તિની ભારે ભીડ જોવા મળી હતી.

એ યાદ રહે કે દિવાળી પર્વમાં ચોપડા પૂજન કરવામાં આવે છે ત્યારે મણિનગર વિસ્તારમાં આવેલા કુમકુમ સ્વામિનારાયણ મંદિર ખાતે ૬ ૮ ૩ ફૂટના વિશાળ ચોપડાનું પૂજન કરવામાં આવ્યું હતું. તો આધુનિક સમયમાં ચોપડાની સાથે સાથે લેપટોપનું પૂજન કરવામાં આવ્યું હતું. ચોપડા પૂજન પ્રસંગે કુમકુમ મંદિરના સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું હતું કે, આપણા ભારતદેશમાં દિવાળીના દિવસે ચોપડાપૂજન કરાય છે અને સમૃદ્ધિની કામના કરવામાં આવે છે. કુમકુમ મંદિરમાં છેલ્લા ૩૫ વર્ષથી ચોપડા પૂજન કરવામાં આવે છે. તેમણે કહ્યું હતુ કે ચોપડા પૂજન કરીને પ્રાર્થના કરવામાં આવી હતી કે આખા ભારતની પ્રજાની આર્થિક મંદી દૂર થાય. સૌને ભગવાન સુખી કરે. રાજકોટના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં વેપારીઓએ સામૂહિક ચોપડાપૂજન કર્યુ હતું બીજી તરફ વડોદરામાં વેપારીઓએ પરંપરાગત ચોપડા પૂજન કરી નવા વર્ષના વેપાર ધંધાની શરૂઆત કરી હતી જયારે કેટલાક વેપારીઓએ લેપટોપ પૂજન કર્યુ હતું. તો ટેકસટાઈલ નગરી સુરતમાં પણ ચોપડા પૂજનની વિધી કરવામાં આવી છે ચોપડાની સાથે સાથે કમ્પ્યૂટર અને આઈપેડની પણ પૂજા કરવામાં આવશે.અમદાવાદમાં પણ વેપારીઓએ ચોપડા પુજન કર્યુ



હતું.

આ ઉપરાંત દિવાળી પર્વ પ્રસંદે પવિત્ર શક્તિપીઠ પાવાગઢ ખાતે માનવમહેરામણ ઉમટ્યો હતો. દિવાળીના પર્વે મહાકાળી માના દર્શન કરવા લાખોની સંખ્યામાં માઈભક્તોએ પાવાગઢ ખાતે ભીડ જમાવી. જ્યાં નજર પડે ત્યાં ભક્તોની ભીડ જોવા મળી હતી દિવાળીના પર્વે મહાકાળી માતાના દર્શનનું અનેરૂ મહત્વ છે, ત્યારે વહેલી સવારથી જ માઈભક્તો મોટી સંખ્યામાં માતાજીના દર્શન કરવા પહોંચ્યા હતાં

મહુડીમાં કાળી ચૌદસના દિવસે મહા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું મહુડી ગુજરાતનું એકમાત્ર એવું મંદિર છે, જે તેજા કાળી ચૌદસના દિવસે જ પૂજા અર્ચના અને હવન કરવામાં આવે છે. ભગવાન ઘંટાકર્ણ મહાવીરની વરખ બદલવાની વિધિ કાળી ચૌદસના દિવસે કરવામાં આવે છે. યજ્ઞ સમયે મહુડીના મંદિરે ૧૦૮ વાર ઘંટ વગાડવામાં આવે છે. દરેક ઘંટના નાદ સાથે હવનમાં આહુતિ આપવામાં આવે છે. આહુતિના સમયે મંદિર પરીસરમાં હાજર ભક્તો દરેક આવતી સમયે દોરી પર એક ગાંઠ બાંધે છે. આ દિવસ શ્રદ્ધાળુઓ માટે ખાસ હોય છે.

દિવાળીના પાવન પર્વ નિમિત્તો આજે સુપ્રસિધ્ધ સાળંગપુર મંદિરે મારુતિ યજ્ઞ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે કાળીચૌદશ નિમિત્તો પણ ખાસ પૂજાનું આયોજન કરાયું હતું. હનુમાનજી દાદાને આજે હિરાજડિત ડાયમંડના વાઘાનો શણગાર કરવામાં આવ્યો છે. સાળંગપુર મંદિરે દાદાના દર્શને વહેલી સવારથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડયા હતાં.

આ સિવાય અમદાવાદના જગન્નાથ મંદિરે પણ ખૂબ મોટી સંખ્યામાં ભક્તો વહેલી સવારથી જ દર્શન કરવા પહોંચ્યા હતા. આજે ભગવાનને વિશેષ શણગાર પણ કરવામાં આવ્યો છે આ સાથે બહેન સુભદ્રા અને ભાઈ બલરામને પણ વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. આજના આ દિવાળીના પાવન પર્વને લઈ અમદાવાદીઓએ ભગવાન જગન્નાથજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તદુપરાંત દિવાળી નિમિત્તે મંદિર દ્વારા વિશેષ પૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આજે દિવાળી, વિક્રમ સંવત ૨૦૭૮નો આખરી દિવસ છે ત્યારે અમદાવાદીઓમાં દિવાળીની ઉજવણીને લઈ ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કેટલાય લોકો આજનાં દિવસે વહેલી સવારે અમદાવાદની નગર દેવી ગણાતા ભદ્રકાળી માતાના મંદિરે દર્શન માટે ભારે ભીડ ઉમટી પડી હતી. એવું કહેવાય છે કે આજે ભદ્રકાળી માતાજીનો લક્ષ્મીજીનાં સ્વરૂપમાં શૃંગાર કરવામાં આવ્યો હતો. આવનારા નવા વર્ષને વધાવવા માટે લોકોમાં ઉત્સાહ પણ અનેરો વર્તાતો હતો. આગામી વર્ષ સુખદ રીતે પસાર થાય તેની માટે ભાવિકો માતાજીના આશીર્વાદ મેળવવા ભદ્રકાળી મંદિરે દર્શન કરવા પધાર્યા હતા.આ ઉપરાંત ગુજરાતના વિવિધ મંદિરોમાં ભકતોની ભીડ જોવા મળી હતી આવતીકાલે ગ્રહણ હોવાને કારણે મંદિરો બંધ રહેશે.

## દિવાળી એ હર્ષોલ્લાસનું પર્વ છે

આસો માસની અમાવસની રાતને દિવાળી તરીકે ઓળખવામાં આવે છે અને અમાવસ્યા એ કાળરાત્રિ ગણાય છે. એવી ઘણાં લોકોના મનમાં ગેરમાન્યતા ઘર કરી ગઈ છે. પરંતુ હકીકતમાં દિવાળી એ અંધકારનું નહીં પણ પ્રકાશનું પર્વ છે. દિવાળીની રાતે લોકો પોતાના ઘરોમાં રોશની, દીવા, મીણબત્તી વિગેરે પ્રગટાવીને દીવાઓની હારમાળાઓ કરે છે. એટલે દિવાળીને દિપાવલી (દિપ+આવલી) તરીકે પણ ઓળખવામાં આવે છે. દિવાળીમાં લોકો ઘરોને રંગરોગાન કરાવે છે, ગૃહ સજાવટ કરે છે, ઓટલા ઊપર, ઊંબરામાં કે આંગણમાં રંગોળી કે સાથિયા પૂરવામાં આવે છે. ગૃહિણીઓ સારી સારી વાનગી બનાવે છે. નાના મોટા સૌ રાતે આતશબાજી અને દારૂખાનું ફોડી આનંદ મનાવે છે.

કહેવાય છે કે, શ્રી રામે લંકામા રાવણનો વધ વિજયાદશમીના દિવસે કર્યો હતો અને દિવાળીના દિવસે અયોધ્યામાં સીતા માતા તથા લક્ષ્મણ સાથે પગ મૂક્યો હતો. તેથી આ ત્રણેયના આગમનને વધાવવા અયોધ્યાવાસીઓએ સમગ્ર અયોધ્યા નગરી ભવ્ય રીતે શણગારી હતી અને પોતપોતાના ઘરોમાં અસંખ્ય દિપ પ્રજ્જ્વલિત કરીને શ્રીરામનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું અને ત્યારથી જ દિવાળીના દિવસે દિપ પ્રગટાવવાની પરંપરા અમલમાં આવી હશે એવું માની શકાય. આમ, દિવાળી એ અંધકારનું નહીં પરંતુ પ્રકાશનું પર્વ ગણાય છે.

